For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બેગમવાડીમાં બાળકને 10 ફૂટ સુધી ખેંચી ગયા

# રિંગ રોડ પર 40 સેકન્ડ સુધી કૂતરાં બચકાં ભરતા રહ્યા



**એક** પછી એક બાળકો પર કૂતરા હુમલો કરે છે અને બેશરમ અધિકારીઓ એસી ઓફિસમાં બેસી રહે છે

**એક** જ અઠવાડિયામાં સુરત શહેરમાં ડોગ બાઈટની ચાર ઘટનાથી લોકોમાં આક્રોશ



### આ વર્ષે સુરત સિવિલમાં નોંધાયેલા ડોગબાઇટના કેસ

| | |
|---|---|
| જાન્યુઆરી | 1148 |
| ફેબ્રુઆરી | 974 |
| માર્ચ | 1136 |
| એપ્રિલ | 1026 |
| મે(23 મે સુધીના) | 574 |
| **કુલ** | **4858** |

સુરત : સુરત શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ખતરનાક કૂતરાઓનો ત્રાસ છે. તેમાં પણ આજે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. 24મેના રોજ રિંગ રોડ વિસ્તારમાં આવેલી બેગમવાડીની પ્રખ્યાત તિરૂપતિ માર્કેટના પાર્કિંગમાં એક માસૂમ બાળક પર રખડતા શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના માર્કેટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ છે, જેના ફૂટેજ જોઈને કોઈપણ ધ્રુજી ઊઠે તેમ છે. જેમાં જોઇ શકાય છે કે, ત્રણ શ્વાન બાળકને 40 સેકન્ડ સુધી બચકા ભરીને ઢસડી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં ડોગ બાઈટની 5 ઘટના સામે આવી છે. સુપ્રીમ કોર્ટના વકડ વલણ બાદ પણ સુરત કોર્પોરેશનનું તંત્ર ઊંઘમાં જોવા મળી રહ્યું છે. તિરૂપતિ માર્કેટના સીસીટીવી ફૂટેજ અનુસાર, માસૂમ બાળક માર્કેટના પાર્કિંગ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે અચાનક ત્રણ જેટલા હિંસક રખડતા શ્વાનોએ તેના પર તરાપ મારી હતી. શ્વાનોએ બાળકને નીચે પાડી દીધું હતું અને તેને બચકાં ભરવાનું શરૂ કર્યું હતું. આ ક્રૂર હુમલા દરમિયાન શ્વાનો

...અનુસંધાન પાના 5 પર

## શ્વાન કરડવામાં પણ સુરત નંબર વન આવશેઃ અસલમ સાયકલવાલા

કોંગ્રેસ નેતા અસલમ સાયકલવાલાએ તંત્રની કામગીરી સામે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સુરત શહેરમાં દિન-પ્રતિદિન શ્વાન કરડવાના અસંખ્ય બનાવ બની રહ્યા છે. આજે પણ રિંગ રોડ વિસ્તારના સીસીટીવી વાઇરલ થયા છે, એના પરથી એવુ લાગે છે કે સુરત શહેર, હવે જે સ્વચ્છ સુરત કહેવાતું હતું, એ શ્વાન કરડવામાં પણ નંબર વન આવી શકે છે. મનપા તંત્રે જે પ્રમાણે એમાં કામગીરી કરવી જોઈએ, એમાં સાવ નબળા અને નિષ્ફળ પુરવાર થયા છે.

## ઓનલાઇન ફરિયાદનું પણ પાંચ દિવસ સુધી નિરાકરણ આવતું નથી

વધુમાં અસલમ સાયકલવાલાએ ઉમેર્યું કે, મનપા કમિશનર એમ. નાગરાજન ભલે લોકોને અને મીડિયા સમક્ષ કહેતા હોય કે, અમારું તંત્ર આ બાબતને ખૂબ ગંભીરતાથી લઈ રહ્યું છે, પરંતુ શ્વાન કરડવાની બાબતમાં કે રખડતા શ્વાન બાબતની ઓનલાઇન ફરિયાદમાં પણ 24 કલાક અને 28 કલાક તો દૂર, પાંચ-પાંચ દિવસ સુધી એનું કોઇ નિરાકરણ થતું નથી કે જે એનું કાયમી સોલ્યુશન આવવું જોઈએ એ થતું નથી, એ શાસકોની અને વહીવટી તંત્રની નિષ્ફળતા પુરવાર કરે છે.

| તારીખ | વિસ્તાર | ઘટના |
|---|---|---|
| 18 મે 2026 | ખાનપુરા, લિંબાયત | ઘર પાસે રમતા બાળક પર પરિવારની હાજરીમાં કૂતરાઓનો હુમલો |
| 20 મે 2026 | પીપોદરા | પાઇપ ફેક્ટરીમાં રમતા બાળકના ગાલનો માંસનો લોચો કૂતરાઓએ કાઢી નાંખ્યો |
| 22 મે 2026 | કડોદરા નહેર | ત્રણ વર્ષના બાળકને ત્રણ કૂતરાઓએ લોહીલુહાણ કરી નાંખ્યો |
| 22 મે 2026 | ઘંટીવાલા ગાર્ડન, ઘોડદોડ રોડ | આઇસક્રીમ લઇને જતી બાળકીના હાથે કૂતરાએ બચકાં ભર્યા |
| 24 મે 2026 | બેગમવાડી, રિંગ રોડ | કૂતરાઓએ 40 સેકન્ડ સુધી બાળકને બચકાં ભર્યા |

નવા શાસકોની વરણી બકરી ઇદના દિવસે થશે ત્યારે

# દસ વર્ષ પહેલા પણ બકરી ઈદે સામાન્ય સભા મળી હતી!

**ફરક** માત્ર એટલો હશે કે દસ વર્ષ પહેલાની સામાન્ય સભા રૂટિન હતી અને આ વખતની સામાન્ય સભા મનપાના નવા શાસકો નક્કી કરવા માટેની હશે

**રજાના** દિવસે જ મનપાના સેક્રેટરી વિભાગના આશરે 50થી વધુ કર્મચારી સહિતના સ્ટાફે સભા માટે ફરજ બજાવવી પડશે

સુરત : રજાના દિવસે જ તા.28મી મેના રોજની સુરત મનપાના નવા શાસકો નક્કી કરવા માટેની સામાન્ય સભાનો સંયોગ નવો નથી. દસ વર્ષ પહેલા પણ આવી જ રીતે રજાના દિવસે સામાન્ય સભા મળી હતી અને તે દિવસે પણ આ વખતની જેમ જ યોગાનુયોગ બકરી ઈદનો સંયોગ જ હતો.

હાલમાં જે નવા પદાધિકારીઓની વરણી માટે સામાન્ય સભા મળનાર છે તેનો એજન્ડા તો ૨૨ મેના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, તે જ દિવસે કેન્દ્ર અને રાજ્ય સરકારે બકરી ઈદની રજા તા.27મી મેના બદલે તા.28મી મેના રોજનું નોટિફિકેશન બહાર પાડતાં મનપાની સામાન્ય સભા અને જાહેર રજાનો દિવસ એકસાથે આવી ગયો હતો. એજન્ડા અગાઉથી પ્રસિદ્ધ થઈ ચૂક્યો હોવાથી બેઠકની તારીખ બદલવા અંગે વહીવટી અને કાયદાકીય સ્તરે ચર્ચા પણ થઈ હતી પરંતુ બાદમાં આ સામાન્ય સભા તા.28મી મેના રોજ રાખવાનું નક્કી થયું હતું. રજાના દિવસે જ સામાન્ય

...અનુસંધાન પાના 5 પર

# આફ્રિકામાં ઈબોલાનો કહેર, સુરત સિવિલ એલર્ટ મોડ પર!

**૧૦** બેડનો હાઈટિક આઈસોલેશન વોર્ડ

સુરતઃ આફ્રિકાના દેશો કોંગો, યુગાન્ડા અને સાઉથ સુદાનમાં ફરી ઈબોલા વાયરસના કેસો સામે આવતા સમગ્ર આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. ભારતમાં હાલ ઈબોલાનો એકપણ કેસ નોંધાયો નથી છતાં આગોતરા સુરક્ષા પગલાંના ભાગરૂપે સુરત નવી સિવિલ હોસ્પિટલ દ્વારા યુદ્ધના ધોરણે ખાસ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી SOP અને માર્ગદર્શિકાના આધારે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ઈબોલાના શંકાસ્પદ દર્દીઓ માટે ૧૦ બેડનો અદ્યતન સ્પેશિયલ આઈસોલેશન વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે. વોર્ડમાં વેન્ટિલેટર, મોનિટર, ઈમરજન્સી દવાઓ અને સંપૂર્ણ નર્સિંગ સ્ટેશન સાથેની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાએ

...અનુસંધાન પાના 5 પર

## ડો.અશ્વિન વસાવાને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરાયા

આ સમગ્ર વ્યવસ્થાના સંચાલન માટે મેડિસિન વિભાગના ડો. અશ્વિન વસાવાને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આર.એમ.ઓ. ડો. કેતન નાયક તથા નર્સિંગ કાઉન્સિલના ઇકબાલ કડીવાલા સહિતની ટીમ સતત મોનિટરિંગ કરી રહી છે. હોસ્પિટલના મેડિસિન, માઇક્રોબાયોલોજી અને એનેસ્થેસિયા વિભાગના અંદાજે ૭૫ જેટલા ડોક્ટર્સને વિશેષ તાલીમ આપવામાં આવી ચૂકી છે. આગામી દિવસોમાં નર્સિંગ સ્ટાફ અને સર્વન્ટ્સને પણ PPE કીટનો ઉપયોગ, દર્દી હેન્ડલિંગ અને ઈમરજન્સી પ્રોટોકોલ અંગે તાલીમ આપવામાં આવશે.

## શું છે ઈબોલા વાયરસ?

ઈબોલા એક અત્યંત જીવલેણ વાયરસ છે, જે મનુષ્યો અને પ્રાઇમેટ્સમાં "ઇબોલા વાયરસ ડિસીઝ (EVD)" નામની ગંભીર બીમારી ફેલાવે છે. આ વાયરસ સૌપ્રથમ વર્ષ ૧૯૭૬માં આફ્રિકાની ઈબોલા નદી નજીક શોધાયો હતો. ચેપગ્રસ્ત પ્રાણીઓ, ખાસ કરીને ચામાચીડિયા અને વાંદરા, અથવા સંક્રમિત વ્યક્તિના લોહી, લાળ, પરસેવો જેવા શારીરિક પ્રવાહી દ્વારા આ વાયરસ ઝડપથી ફેલાય છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ગરમી સાથે બફારાનો માર

# ત્રણ દિવસ ગરમ અને ભેજયુક્ત પવનની આગાહી

**ચાર** દિવસ બાદ તાપમાનમાં રાહતની શક્યતા, આજે 70 ટકા ભેજ રહ્યો

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની ગરમી વચ્ચે હવે બફારાએ પણ લોકોની મુશ્કેલી વધારી છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત પવનો ફૂંકાવાની આગાહી કરી છે. જેના કારણે તાપમાનમાં મોટો વધારો ન હોવા છતાં લોકો અકળામણ અને ઉકળાટનો અનુભવ કરશે.

સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને 35.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 28.8 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ વધીને 69 ટકા સુધી પહોંચી જતા શહેરમાં ભારે બફારો અનુભવાયો હતો. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશાથી 17 કિમી પ્રતિ

...અનુસંધાન પાના 5 પર

## ચાર હવામાન સિસ્ટમ સક્રિય થતાં વરસાદી પ્રવૃત્તિ સક્રિય થશે

હાલ અરબી સમુદ્રમાં લો-પ્રેશર ઝોન, બંગાળની ખાડીમાં ડિપ્રેશન, મોનસૂન એક્સિસ અને રાજસ્થાનથી ગુજરાત સુધી સક્રિય ટ્રફ લાઇન એમ ચાર અલગ-અલગ હવામાન સિસ્ટમ સક્રિય છે. જેના કારણે આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# નકલી નોટ આપી બકરી ઈદ માટે સચિન મંડીમાંથી બકરા ખરીદ્યા

**પોલીસે** પકડેલા આરોપીના ઘરે તપાસ કરી તો ૧.૫૦ લાખની વધુ નકલી નોટ મળી

**કલર** ઝેરોક્ષ કરેલી નકલી નોટ ઝારખંડથી લીધી હોવાની કબૂલાત

સુરતઃ સચીન-પલસાણા ટી-પોઈન્ટ પાસે ભરાતી બકરા મંડીમાં એક વેપારીને નિશાન બનાવી રૂપિયા ૫૦ હજારની નકલી નોટો પધરાવી જનાર લિંબાયતની ટોળકીના ચાર

...અનુસંધાન પાના 5 પર

## પકડાયેલા આરોપીઓ નામ

(૧) મોહંમદ ઉલ્ફત આલમ સતાર શેખ ( ઉ.વ.૩૨ રહે, શાહપુરા મહમ્મદી રેસીડેન્સી લિંબાયત સુરત શહેર મુળ વતન- નૈતા થાના-બંગાબાદ પોસ્ટ ખુલચુટા જી.ગીરેડી ઝારખંડ), (૨) નાઝીર અનુલ અંસારીઉ.વ.૩૩ ધંધો-ટેમ્પો ડ્રાઇવર રહે, બુધ્ધ સોસાયટી મદીના મસ્જીદની બાજુમાં લિંબાયત સુરત શહેર મુળ વતન-લુપી થાના-બંગાબાદ પોસ્ટ ખુલચુટા જી.ગીરેડી ઝારખંડ), (૩) મો. રઇસ રસીદ સીદીકઉ.વ.૪૯ ધંધો-સીલાઇકામ રહે,પ્લોટ નં.૭૨ બુદ્ધ સોસાયટી મદીના મસ્જીદની પાસે લિંબાયત સુરત શહેર મુળ વતન-મોહારીપોસ્ટ-હથગાવ જી.ફતેપુર યુ.પી.) તથા (૪) મોહંમદ જમાલ અબ્દુલ સતાર શેખ ઉ.વ.૩૪ ધંધો-વેપાર રહે,શાહપુરા મદીના મસ્જીદની બાજુમાં લિંબાયત સુરત શહેર મુળ વતન-નૈતા થાના-બંગાબાદ પોસ્ટ ખુલચુટા જી.ગીરેડી ઝારખંડ)

## કેટલીક નોટ બાળી નાંખી

પોલીસે જણાવ્યું કે ગુનાની તપાસ દરમ્યાન આરોપીના મોહંમદ ઉલ્ફત આલમ સતાર શેખના ઓનલાઇન સેલીંગના ગોડાઉનમાંથી ૫૦૦ ના દરની ડુપ્લીકેટ નોટ નંગ ૨૦ તથા તેના ઘરની ઝડતી

...અનુસંધાન પાના 5 પર






પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ઉપરાષ્ટ્રપતિની હાજરીમાં રાષ્ટ્રપતિના હસ્તે

# 'ઓર્ગન મેન ઓફ ઈન્ડિયા' સુરતના માંડલેવાલાને 'પદ્મશ્રી' એનાયત કરાયો

**ડોનેટ** લાઈફ સંસ્થાના સ્થાપક માંડલેવાલાએ છેલ્લા 21 વર્ષમાં અંગદાન થકી અનેકને જીવતદાન આપ્યું છે



સુરતઃ ડોનેટ લાઈફ સંસ્થાના સંસ્થાપક અને ઓર્ગન મેન ઓફ ઈન્ડિયા તરીકે જાણીતા નિલેશ માંડલેવાલાની અંગદાન થકી અનેકને જીવનદાન આપવાની છેલ્લા બે દાયકાથી વધુ નિઃસ્વાર્થ કર્તવ્યયાત્રાની કદર કરી ભારત સરકારે આજે તા.૨૫ મેના દિવસે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે "પદ્મશ્રી" એવાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, પીએમ નરેન્દ્રભાઈ

...અનુસંધાન પાના 5 પર

## જ્યારથી પદ્મશ્રી જાહેર થયો ત્યારથી જ અમે રોમાચિંત હતા, જ્યારે મળ્યો ત્યારે તેમની જર્ની જાણે અમારી સામે જીવંત થઇ હતી: રેશ્મા માંડલેવાલા



'નિલેશભાઈને જ્યારે 25મી જાન્યુ.એ પદ્મશ્રી એવોર્ડની જાહેરાત થઈ ત્યારથી જ અમે રોમાચિંત થઈને દિવસો ગણતાં હતા કે ક્યારે એવોર્ડ એનાયત થશે?, આજે જ્યારે પદ્મશ્રીનો એવોર્ડ મળવાનો હતો ત્યારે અમે સવારથી જ ઉત્સાહમાં હતા અને જ્યારે તેમનું નામ જાહેર થયું ત્યારે તો હું દિગ્મુઢ જેવી થઈ ગઈ. મારી નજર સમક્ષ તેમની 21 વર્ષની સખત મહેનત જાણે પસાર થઈ, કેટલો ભોગ આપ્યો તેમણે? જ્યારે તેમને એવોર્ડ મળ્યો ત્યારે અમે સૌ પરિવારના સભ્યો ઈમોશનલ થઈ ગયા. તેમને મળેલો પદ્મશ્રી અમારા સમગ્ર પરિવાર માટે ગૌરવની વાત છે' તેમ નિલેશ માંડલેવાલાના પત્ની રેશ્મા માંડલેવાલાએ જણાવ્યું હતું.























